# એડીશ્નનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ધારી–અમરેલી

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૨૮ | ૦૧ | ૨૦૨૫ |
| દાખલ તારીખ | ૨૮ | ૦૧ | ૨૦૨૫ |
| ફેસલ તારીખ | ૦૯ | ૦૬ | ૨૦૨૬ |
| | ૦૧ વર્ષ | ૦૪ મહીના | ૧૨ દિવસ |

**આંક–૧૮**

## ફોજદારી કેસ નંબર:– ૮૧/૨૦૨૫

ગુજરાત રાજ્ય
(મુળ ફરિયાદી શારદાબેન બાબુભાઇ બલદાણીયા) .........ફરિયાદી

વિરુદ્ધ

સુનિલભાઇ હરેશભાઇ રાઠોડ

રહે:– દહીડાવાસ, દાનેવ સોસાયટી પાસે, ચલાલા
તા:– ધારી, જીલ્લો: – અમરેલી ..........આરોપી

**આરોપ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૦૪ મુજબનો**

**સરકાર પક્ષે વિદ્વાન એ.પી.પી શ્રી : – બી.કે.ચૌધરી અને એમ.એમ.સકસેના**
**આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી : – એમ.એચ.ચાવડા**

૧) આ કામે ફરિયાદ મુજબ ફરિયાદ પક્ષની ટુંક હકીકત એવી છે કે ફરિયાદીના દીકરા લાલજીભાઇ પાસે એક એન્ડ્રોઇડ મોબાઇલ ઓપ્પો એ–૩૮ વાળો હતો જે તેમના ગામના શિવરાજભાઇ બાબુભાઇ વાળા ના નામનો લીધો હતો. ફરિયાદ મુજબ ગત તારીખ ૨૭/૧૨/૨૦૨૪ ના રોજ ફરિયાદીના દીકરા તેમનો મોબાઇલ ફરિયાદીને આપીને વાડી એ ગયા હતા. ફરિયાદ મુજબ ફરિયાદી સવારના સાડા દસ વાગ્યે તેમના ઘરની બહાર બેઠા હતા તે સમયે એક લાલ કલરની એકટીવા પર પાતળા બાંધાનો, ઉજવા વાન વાળો જુવાન છોકરો કે જેની ઉમંર આશરે ૨૫ થી ૩૦ વર્ષ હશે તે આવ્યો હતો અને ઝડપથી ફરિયાદી પાસે આવીને મોબાઇલ ફોન ઝુટવી ને જતો રહ્યો હતો. ફરિયાદીએ બુમો પાડી હતી પરંતુ આજુબાજુ કોઇ માણસો હાજર ન હોવાથી કોઇ એ તે છોકરાને રોક્યો ન હતો. ફરિયાદીના દિયર રમેશભાઇ ખેતરે થી ઘરે આવ્યા તેમણે ફરિયાદીના દીકરાને ફોન કરીને ઘરે બોલાવ્યા હતા. ત્યારબાદ આ બનાવની ફરિયાદ ચલાલા પોલીસ સ્ટેશનમા અજાણ્યા ઇસમ વિરુદ્ધ આપી હતી.

૨) આ ફરિયાદના આધારે **ચલાલા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર ફર્સ્ટ ૧૧૧૯૩૦૧૩૨૪૦૩૧૦/૨૦૨૪, તારીખ ૨૮/૧૨/૨૦૨૪** થી ગુનો નોંધી ગુનાનુ અનવેષણ, તપાસ કરનાર અધિકારીએ કર્યુ હતુ. જેમાં તપાસ કરનાર અધિકારીએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધવાની, જરૂરી પંચનામાઓ કરવાની કાર્યવાહી કરી હતી. આ ગુનાની તપાસ ના અંતે તપાસનીશ અધિકારીને આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો હોવાનુ જણાતા **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૧૯૩** મુજબ **ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૦૪** મુજબના ગુનાનુ ચાર્જશીટ કર્યુ છે.

૩) આ ગુનાની ચાર્જશીટના આધારે, અદાલતે **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૧૦(૧)(બી)** મુજબ ગુનાનુ સંજ્ઞાન લીધુ હતુ. આ કેસમાં આરોપી તેમના વિદ્ધાન વકીલ શ્રી સાથે હાજર થયા છે. ત્યારબાદ આરોપી હાજર થતા **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૩૦ મુજબ** પોલીસપેપર્સની નકલ વિના મુલ્યે પુરી પાડીને **આંક–૬** થી તહોમતનામુ

ફરમાવી ને **આંક–૭** થી આરોપીનુ નિવેદન નોંધ્યુ હતુ. આરોપી એ પોતાના નિવેદન મા ગુનો કર્યો હોવાનો ઈન્કાર કર્યો હતો.

૪) સદરકામમાં ફરિયાદ પક્ષ દ્વારા નીચે મુજબનો પુરાવો રજુ કરવામા આવ્યા છે.

| મૌખિક પુરાવો | |
|---|---|
| આંક–૧૦ | ફરિયાદી/ભોગ બનનાર શારદાબેન બાબુભાઇ બલદાણીયા ની જુબાની |
| આંક–૧૨ | સાહેદ લાલજીભાઇ બાબુભાઇ બલદાણીયાની જુબાની |
| આંક–૧૩ | પંચ સાહેદ કેશુભાઇ ભીખાભાઇ મહીડાની જુબાની |
| આંક–૧૫ | પંચ સાહેદ બાબુભાઇ રામાભાઇ રાઠોડ ની જુબાની |
| આંક–૧૬ | તપાસનીશ અધિકારી એ.એસ.આઇ નીરજકુમાર ભીખાલાલ દાફડા ની જુબાની |

| દસ્તાવેજી પુરાવો | |
|---|---|
| આંક–૧૧ | ફરિયાદ |
| આંક–૧૪ | રીકવરી પંચનામુ અને આરોપીની શરીર સ્થિતિનુ પંચનામુ |
| આંક–૧૭ | બનાવ વાળી જગ્યાનુ પંચનામુ |

૫) આ કામે ફરિયાદપક્ષે ફરિયાદી સિવાય અન્ય કોઇ સાક્ષીઓ તપાસ્યા નથી. આ કેસમા

ફરિયાદપક્ષનો પુરાવો નોંધાય ગયા પછી તે સંદર્ભે આરોપીને ખુલાસો કરવાની તક આપવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબ આરોપીનુ વિશેષ નિવેદન નોંધ્યુ છે. જેમા આરોપી એ ફરિયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કર્યો છે. વધુમા આરોપીએ પોતાની તરફેણમા જાતે જુબાની આપવા માંગતા ન હોવાની, કોઈ સાહેદો તપાસવા માંગતા ન હોવાની કે કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવા માંગતા ન હોવાની રજુઆત કરી હતી. વધુમા આરોપી એ એવી રજુઆત કરી હતી કે " અમો ગરીબ વર્ગના મજુરી ઈસમ હોઈએ પરિવારની જવાબદારી હોય તેમજ અમો તદ્દન નિર્દોષ હોઈ એ અમોને નિર્દોષ કરવા વિનંતિ છે."

## મુદ્દાઓ

(અ) શું ફરિયાદપક્ષ નિશંકપણે સાબિત કરે છે આ કામના ગત તારીખ ૨૭/૧૨/૨૦૨૪ ના રોજ સવારના સાડા દસ વાગ્યે ફરિયાદી તેમના ઘરની બહાર તેમના દીકરા લાલજીભાઈ નો એન્ડ્રોઈડ મોબાઈલ ઓપ્પો એ–૩૮ વાળો લઈને બેઠા હતા તે સમયે આ કામના આરોપીએ તેમના કબજાની એક્ટીવા લઈ આવીને ફરિયાદીના હાથમાથી મોબાઈલ ઝુંટવી લઈ, ભાગી જઈ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૦૪ મુજબનો ગુનો કર્યો છે?

(બ) શું હુકમ છે?

૬) **મુદ્દાઓ પરનો નિર્ણય**

(અ) નકારમાં

(બ) આખરી હુકમ મુજબ

૭) **નિર્ણય માટેના કારણો**

મુદ્દા નંબર – ૫ (અ) મુજબ આ કામના આરોપી પર આરોપવામા આવેલ ગુનાઓ અંગે ફરિયાદ પક્ષના પુરાવાનુ મુલ્યાંકન કરીએ તો ફરિયાદપક્ષે સૌપ્રથમ સાહેદ તરીકે ફરિયાદીને તપાસ્યા છે. ફરિયાદી અદાલત સમક્ષની **આંક–૧૦** થી રજુ સોગંદ પરની જુબાનીમા જણાવે છે કે તેઓ અભણ છે. તેમને સહી કરતા આવડતી નથી અને જો સહી કરવાની જરૂર પડે તો તેઓ અંગુઠાનુ નિશાન કરે છે. ફરિયાદી જણાવે છે કે આ કામનો બનાવ આશરે ૧૦ મહીના અગાઉ બન્યો હતો તે સમયે તેઓ પોતાના ઘરે સવારના સમયે બેઠા હતા. આ બનાવ સવારના દસેક વાગ્યે બન્યો હતો. ફરિયાદી એવુ જણાવે છે કે તેઓ પોતાના ઘરમા હતા ત્યારે તેમનો મોબાઇલ કોઇ ચોરી ગયુ હતુ. વધુમા ફરિયાદી જણાવે છે કે તેમનો દીકરો લાલજી ઘરે આવતા મોબાઇલ માંગતા તે ન મળતા મોબાઇલ ચોરાયાની જાણ થઇ હતી. ફરિયાદી જણાવે છે કે મોબાઇલ કોણ ચોરી ગયુ હતુ તેની તેમને ખબર નથી. ફરિયાદી જણાવે છે કે તેમણે આ ચોરી અંગેની ફરિયાદ કરી હતી. ફરિયાદી ને ફરિયાદ બતાવતા તેમા પોતાના અંગુઠાનુ નિશાન હોવાનુ ઓળખી બતાવે છે. આમ ફરિયાદી ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી તેથી તેમને હોસ્ટાઇલ જાહેર કરી ઉલટતપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. ફરિયાદી તે હકીકતનો ઇન્કાર કરે છે કે આ કામના આરોપી એ ઝડપથી આવીને, ફરિયાદીના હાથમાથી મોબાઇલ ફોન ઝુંટવી લઇ, એકટીવા ઝડપથી ચલાવી જતા રહેલા. ફરિયાદી તે હકીકતનો ઇન્કાર કરે છે કે તેઓ આરોપીને બચાવવા સોગંદ પર ખોટી જુબાની આપે છે. આરોપીના વિદ્વાન વકીલશ્રી એ કરેલી ઉલટતપાસમા ફરિયાદી તે હકીકનો સ્વીકાર કરે છે કે તેઓ મોબાઇલ રાખતા નથી. વધુમા ફરિયાદી તે હકીકતનો પણ સ્વીકાર કરે છે કે તેમનો મોબાઇલ કોણ લઇ ગયુ હતુ તેની તેમને ખબર નથી. ફરિયાદીને તેમનો મોબાઇલ પાછો મળી ગયો છે પરંતુ કોની પાસે થી મળ્યો તેની ખબર નથી. ફરિયાદી જણાવે છે કે જે ઇસમ પાસે થી મોબાઇલ મળ્યો તેને તેમણે જોયો નથી. ત્યારબાદ ફરિયાદ પક્ષે સાહેદ તરીકે જેમનો મોબાઇલ હતો તે અર્થાત ફરિયાદીના દીકરા લાલજીભાઇ બાબુભાઇ બલદાણીયા ને સાહેદ તરીકે તપાસ્યા છે. તેઓ

અદાલત સમક્ષની સોગંદ પરની જુબાની જણાવે છે કે તેઓ બનાવ સમયે તેમના ખેતરે કામ કરવા ગયા હતા. વધુમા સાહેદ જણાવે છે કે બનાવ દસેક મહીના અગાઉ સવારના દસેક વાગ્યે બન્યો હતો. તે સમયે તેમના માતા પાસે રહેલો મોબાઇલ ફોન કોઇ અજાણ્યો ઇસમ ચોરી ગયુ હતુ. આ ચોરીના બનાવની જાણ તેઓ ઘરે આવ્યા ત્યાર પછી થઇ હતી. સાહેદ જણાવે છે કે બનાવ અંગે તેમના માતા એ ફરિયાદ આપી હતી જેથી પોલીસે તેમનો જવાબ લીધો હતો. સાહેદ જણાવે છે કે તેમનો મોબાઇલ કોણ લઇ ગયુ હતુ તેની તેમને ખબર નથી. વધુમા સાહેદ જણાવે છે કે જે ઇસમ પાસે થી મોબાઇલ મળ્યો તેને તેમણે જોયો નથી કે પોલીસે તે ઇસમ દેખાડ્યો નથી. આમ આ સાહેદ પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી.

ફરિયાદપક્ષના કેસ મુજબ આ કેસમા ગુનાના કામે ચોરાયેલો મોબાઇલ ફોન હાલના આરોપી પાસેથી પંચો રૂબરૂ કબ્જે કર્યો હતો. જેથી ફરિયાદપક્ષે તે અંગેના પંચનામાના પંચ સાહેદો (૧) કેશુભાઇ ભીખાભાઇ મહીડા અને (૨) બાબુભાઇ રામાભાઇ રાઠોડને સાહેદ તરીકે તપાસ્યા છે. પંચ સાહેદ કેશુભાઇ ભીખાભાઇ મહીડા અદાલત સમક્ષની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે તેઓ ચલાલા પોલીસ સ્ટેશન પાસે થી જતા હતા ત્યારે પોલીસે તેમની સહી કરાવી હતી. પંચ સાહેદ જણાવે છે કે તે કઇ બાબતનુ પંચનામુ હતુ તેની તેમને ખબર નથી. પંચ સાહેદ જણાવે છે કે તેઓ ધોરણ–૬ સુધી ભણ્યા છે તેમને વાંચતા આવડતુ નથી તેઓ ખાલી પોતાની સહી કરી શકે છે. વધુમા પંચ સાહેદ જણાવે છે કે તેમણે પંચનામુ વાંચ્યુ ન હતુ અને તે પંચનામા શુ લખ્યુ છે તેની તેમને ખબર નથી. પંચ સાહેદ તે હકીકતનો ઇન્કાર કરે છે કે પોલીસે તેમની હાજરીમા કોઇ ઇસમને તેનુ નામ ઠામ પુછતા તેણે પોતાનુ નામ સુનિલભાઇ હરેશભાઇ રાઠોડ હોવાનુ જણાવ્યુ હોય અને તેણે પંચસાહેદની હાજરીમા પોલીસ સમક્ષ મોબાઇલ રજુ કર્યો હોય અને તે મોબાઇલ પંચ સાહેદની હાજરીમા શારદાબેન બાબુભાઇ બલદાણીયા તેમજ લાલજીભાઇ બાબુભાઇ બલદાણીયા એ ઓળખી બતાવ્યો હોય તેવુ બન્યુ નથી. આમ આ પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. પંચ સાહેદ બાબુભાઇ રામાભાઇ રાઠોડઅદાલત સમક્ષની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે તેઓ ચલાલા શાક માર્કેટમા શાકભાઇ લેવા જતા હતા ત્યારે પોલીસે ઉભા

રાખીને તેમની સહી કરાવી હતી. પંચ સાહેદ જણાવે છે કે પોલીસે તે પંચનામુ હોવાનુ જણાવ્યુ હતુ પરંતુ તે કઇ બાબતનુ પંચનામુ હતુ તેની તેમને ખબર નથી. પંચ સાહેદ જણાવે છે કે તેઓ ધોરણ–૨ સુધી ભણ્યા છે તેમને વાંચતા આવડતુ નથી તેઓ ખાલી પોતાની સહી કરી શકે છે. વધુમા પંચ સાહેદ જણાવે છે કે તેમણે પંચનામુ વાંચ્યુ ન હતુ અને તે પંચનામા શુ લખ્યુ છે તેની તેમને ખબર નથી. પંચ સાહેદ તે હકીકતનો ઇન્કાર કરે છે કે પોલીસે તેમની હાજરીમા કોઇ ઇસમને તેનુ નામ ઠામ પુછતા તેણે પોતાનુ નામ સુનિલભાઇ હરેશભાઇ રાઠોડ હોવાનુ જણાવ્યુ હોય અને તેણે પંચસાહેદની હાજરીમા પોલીસ સમક્ષ મોબાઇલ રજુ કર્યો હોય અને તે મોબાઇલ પંચ સાહેદની હાજરીમા શારદાબેન બાબુભાઇ બલદાણીયા તેમજ લાલજીભાઇ બાબુભાઇ બલદાણીયા એ ઓળખી બતાવ્યો હોય તેવુ બન્યુ નથી. આમ આ પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. આમ આ કામે ફરિયાદમા જણાવ્યા મુજબનો મોબાઇલ હાલના આરોપી પાસે થી રીકવર થયો હોવાનુ પુરવાર થતુ નથી.

ફરિયાદપક્ષે આ કામે **આંક–૧૬** થી તપાસનીશ અધિકારી ને સાહેદ તરીકે તપાસ્યા છે. તેઓ અદાલત સમક્ષની સોગંદ પરની જુબાની તેમણે આ ગુનાની તપાસ દરમ્યાન કરેલી કાર્યવાહી વિશે જણાવે છે. તેઓ જણાવે છેકે ફરિયાદમા જણાવ્યા મુજબનો મોબાઇલ આ કામના આરોપી પાસે થી મળી આવતા પંચનામાની વિગતે પંચોની હાજરીમા કબ્જે લીધો હતો. પરંતુ આ હકીકતને અન્ય સાહેદોની જુબાની થી સમર્થન મળતુ નથી. આમ ફરિયાદપક્ષે તપાસેલા મુખ્ય સાહેદો જ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. આ કામે ફરિયાદીએ, આરોપીને જોયો નથી. ફરિયાદીનો મોબાઇલ કોણ ચોરી ગયુ હતુ તે હકીકત ની તેમણે જાણ નથી. ફરિયાદીના દીકરા બનાવ સમયે સ્થળ પર હાજર ન હતા. ફરિયાદી કે તેમના દીકરા એ ચોરી કરનાર ઇસમને જોયો નથી અને ઓળખી શકે તેમ નથી. આ કામે આરોપી પાસેથી મુદ્દામાલ રીકવર થયો હોવાના પંચનામાના પંચો ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. આરોપી પાસે થી મોબાઇલ રીકવર થયો હોવાના અન્ય કોઇ સાંયોગિક પુરાવા રેકર્ડ પર નથી. આમ આ કેસમાં ફરિયાદપક્ષે રજુ કરેલા પુરાવાઓ પરથી આરોપી વિરુદ્ધ આરોપવામાં આવેલો ગુનો નિશંકપણે સાબિત થતો નથી તેવુ

આ અદાલતનુ નમ્રપણે માનવુ છે. આથી મુદ્દા નંબર ૫ (અ) નો જવાબ નકારમાં આપીને નીચે મુજબનો આખરી હુકમ કર્યો છે.

## હુકમ

આ કામે આરોપી **સુનિલભાઇ હરેશભાઇ રાઠોડ રહે:– દહીડાવાસ, દાનેવ સોસાયટી પાસે, ચલાલા, તાલુકો:– ધારી, જીલ્લો: – અમરેલી** વાળાઓ ને તેમની વિરુદ્ધ આરોપવામાં આવેલા **ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૦૪** મુજબના ગુનામાથી **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૭૧(૧)** મુજબ નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ ગુનાના કામે ચલાલા પોલીસ સ્ટેશનની **મુદ્દામાલ પાવતી નંબર ૫૮/૨૦૨૪, તારીખ ૨૮/૧૨/૨૦૨૪** થી કબ્જે કરવામા આવેલો મુદ્દામાલ મોબાઇલ ફોન પરત તે મેળવવા હકદાર વ્યક્તિને પરત સોપી દીધો હોવાથી તે હુકમની શરતો રદ્દ ગણી બાકીનો હુકમ કાયમ રાખવામા આવે છે. આરોપીએ **ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૧** મુજબ અપીલ સમય સુધીના રૂપિયા ૧૫,૦૦૦/– ના નવા સદ્ધર જામીન અને તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવો.

આ હુકમ આજરોજ તારીખ ૦૯/૦૬/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૦૯/૦૬/૨૦૨૬

સ્થળ– ધારી

(એચ જે ઝાલા)
બીજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
ધારી
જજ કોડ– જીજે–૦૧૩૬૯